## 14 વર્ષીય કિશોરી સાથે દુષ્કર્મમાં માનીતા મામાને 20 વર્ષની સખત કેદ

**વાપીમાં બનેલી ઘટનામાં** ઘેની પદાર્થ પીવડાવી નગ્ન ફોટો અને વિડીયો ઉતારી બ્લેકમેલ કરી દુષ્કર્મ કર્યું હતું

**કિશોરીએ** ના પાડતા મોં પર તેજાબ નાંખવાની ધમકી પણ આપી હતી

વલસાડઃ વાપીમાં રહેતા પરિવારની મહિલાએ પોતાના વિસ્તારના એક યુવકને ભાઈ માન્યો હતો. જોકે, આ માનીતા મામાએ પોતાની બહેનની 14 વર્ષની પુત્રીને બ્લેકમેલ કરી દુષ્કર્મ કર્યું હતું તેમજ કિશોરી ના પાડતી તો તેણે મોં પર તેજાબ નાંખવાની ધમકી પણ આપી હતી. વાપીની પોક્સો એક્ટ હેઠળની સ્પેશ્યલ કોર્ટમાં ચાલેલા આ કેસમાં આરોપી એવા માનીતા મામાને કોર્ટે 20 વર્ષની સખત કેદ અને રૂ. 1.21 લાખનો દંડ ફટકારતો ચૂકાદો આપ્યો હતો. આ સાથે ભોગ બનનાર કિશોરીને વિક્ટીમ કમ્પેન્શેશન સ્કીમ અંતર્ગત રૂ.4 લાખનું વળતર ચૂકવવાનો હુકમ પણ વાપીના સ્પેશ્યલ જજ ડો. એચ. એન. વકીલે કર્યો હતો. આ કેસમાં ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને સજા ફટકારી છે.

વાપીના એક વિસ્તારમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશના રાજકુમારસીંઘ ઉર્ફે છોટુ ભોલાસીંઘને બિહારી પરિવારની એક મહિલાએ ભાઈ માન્યો હતો. જેના કારણે મહિલાના પુત્રી અને પુત્ર રાજકુમાર સીંઘને મામા કહેતા હતાં. આ મામાએ માનીતી બહેનની 14 વર્ષની કિશોરીને એકલતામાં લસ્સીમાં ઘેની પદાર્થ પીવડાવી તેના નગ્ન ફોટો અને વિડીયો ઉતારી લીધા હતાં. જેના આધારે આ રાજકુમાર સીંગ તેની સાથે દુષ્કર્મ કરતો રહ્યો હતો.

ત્યારબાદ 9માં ધોરણમાં ભણતી આ વિદ્યાર્થીનીએ પ્રતિકાર કરતાં રાજકુમારે તેના મોં પર એસિડ ફેંકવાની ધમકી આપી હતી. તેમ છતાં કિશોરી ન માનતા તેણે તેના ફોટો અને વિડીયો તેના સંબંધીઓને મોકલી તેને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ હદ સુધી ચાલેલા અત્યાચાર બાદ કિશોરીની માતાએ આ અંગે રાજકુમારસીંઘ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી હતી. પોલીસે તેની ધરપકડ કરી હતી. જેના વિરુદ્ધ વાપીની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આ કેસની સુનાવણી બાદ તેને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદ અને રૂ.1.21 લાખના દંડની સજા ફટકારતો હુકમ કોર્ટે કર્યો હતો.

## 13 જૂનથી ફ્લાઈંગ રાણી ઉમરગામ સ્ટેશને થોભશે

**નાણાંમંત્રી** સહિત મહાનુભાવો ટ્રેનને લીલી ઝંડી આપશે



વલસાડઃ રેલવે મંત્રાલય દ્વારા મુંબઈ-સુરત વચ્ચે દોડતી પ્રતિષ્ઠિત ‘ફ્લાઈંગ રાણી એક્સપ્રેસ’ ને ઉમરગામ રેલવે સ્ટેશન પર સ્ટોપેજ મંજૂર કરવામાં આવ્યું છે. વલસાડ-ડાંગ સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલના સતત પ્રયાસોના પરિણામે રેલવે મંત્રાલય દ્વારા ટ્રેનને સ્ટોપેજ અપાયું છે.

જે અંતર્ગત આગામી ૧૩ જૂન, ૨૦૨૬ના રોજ મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનથી ઉમરગામ રેલવે સ્ટેશન આવતી ફ્લા ઈ ગ રાની ટ્રેનને આયોજિત એક વિશેષ કાર્યક્રમનું આયોજન સાંજે 6 કલાકે સ્ટેશન ખાતે કરાયું છે. જેમાં ગુજરાત સરકારના નાણાં મં ત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ, લોકસભાના દંડક, વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ હેમંતભાઈ કંસારા, વલસાડ જિલ્લાના પ્રભારી વિનયભાઈ શુક્લ ઉપરાંત જિલ્લાના તમામ ધારાસભ્ય ઉપસ્થિત રેહશે. જેઓ ટ્રેનને 7.58 કલાકે લીલી ઝંડી આપશે. ટ્રેન સ્ટોપેજથી દૈનિક મુસાફરો, નોકરિયાતો, શ્રમિકો, વિદ્યાર્થીઓ અને વેપારીઓને મુંબઈ, વાપી અને સુરત તરફની મુસાફરીમાં સુવિધા મળશે.

## રૂપિયા ૩૮.૬૮ લાખના સાયબર ફ્રોડમાં વાપીનો ઈસમ ઝડપાયો

**કેરળ,** તમિલનાડુ, સુરતમાં થયેલા ગુનાઓની રકમ બેંક ખાતાઓમાં જમા થઈ

**પશ્ચિમ** બંગાળના શખ્સ પાસેથી હિસાબોની ડાયરી, ચેકબુકો મળી આવી

વલસાડઃ વલસાડ જિલ્લા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશને વિવિધ રાજ્યોમાં ઓનલાઇન ચીટિંગ કરી મ્યુલ બેંક એકાઉન્ટ્સ દ્વારા નાણાં સગેવગે કરવાના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ગુપ્ત બાતમીના આધારે વાપીની મધર ડેરી પાસેથી એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, ભારત સરકારના ગૃહ મંત્રાલયના I4C હેઠળના ‘સમન્વય પોર્ટલ’ પરથી વલસાડ જિલ્લાના કેટલાક શંકાસ્પદ બેંક ખાતાઓની વિગતો પોલીસને મળી હતી. ટીમે તપાસ શરૂ કરતાં કોટક મહિન્દ્રા બેંકના એક ખાતામાં ટૂંકા સમયમાં રૂ ૭.૫૦ લાખની શંકાસ્પદ લેવડદેવડ થઈ હોવાનું સામે આવ્યું હતું. આ ખાતાના આધારે તપાસ લંબાવતા પોલીસને બાતમી મળી હતી કે, સંબંધિત શંકાસ્પદ ઇસમ વાપીમાં હાજર છે. પોલીસે તાત્કાલિક વોચ ગોઠવીને મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ વાપીમાં રહેતા 33 વર્ષીય સાલીમુર રેહમાન અજીજુલ રેહમાન શેખને ઝડપી પાડ્યો હતો.

પોલીસે આરોપીના બેગની તલાશી લેતાં કોટક મહિન્દ્રા બેંક, યસ બેંક, ઇન્ડિયન બેંક, બેંક ઓફ બરોડા અને એક્સિસ બેંકની ચેકબુકો, પાસબુકો તેમજ અલગ-અલગ વ્યક્તિઓના નામના ક્રેડિટ અને ડેબિટ કાર્ડ મળી આવ્યાં હતાં. આ સિવાય તેની પાસેથી હિસાબો લખેલી એક ડાયરી પણ મળી આવી હતી. આ તમામ બેંક ખાતાઓની પ્રાથમિક તપાસ કરતાં દેશના જુદા-જુદા રાજ્યો જેમ કે કેરળ, તમિલનાડુ અને સુરત શહેરમાં નોંધાયેલી સાયબર ગુનાની ફરિયાદોના આશરે રૂ. ૩૮,૬૮,૦૯૮ જેટલા નાણાં આ ખાતાઓમાં ટ્રાન્સફર થયા હોવાનું અને તેમાંથી મોટી રકમ ઉપાડી લેવામાં આવી હોવાનું ખુલ્યું છે.

ઝડપાયેલા આરોપીની પૂછપરછમાં સામે આવ્યું છે કે તે અને તેના અન્ય સાગરીતો ભેગા મળીને સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકો સાથે છેતરપિંડી આચરતા હતા. આ ગુનાહિત કાવતરાના ભાગરૂપે તેઓ પોતાના તેમજ સગા-સંબંધીઓના નામે ખોટા બેંક ખાતાઓ ખોલાવી ફ્રોડની રકમ જમા કરાવતા અને ત્યારબાદ તે નાણાં આગળ સગેવગે કરી દેતાં હતાં.

આ મામલે વલસાડ સાયબર પોલીસે આરોપી સાલીમુર રેહમાન વિરુદ્ધ ગુનો નોંધીને આગળની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર હિરલબેન રબારીને સોંપી છે. આ રેકેટમાં સંડોવાયેલા અન્ય ફરાર આરોપીઓને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## વલસાડ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં પૂરક પરીક્ષાનો પ્રારંભ

વલસાડઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિભાગ દ્વારા ગુરુવારથી ધો.10-12ની પૂરક પરીક્ષા શરૂ થઈ હતી. જેમાં વલસાડ જિલ્લામાં ધો.12 સામાન્ય પ્રવાહમાં ભૂગોળ અને આંકડા શાસ્ત્ર વિષયમાં નોંધાયેલા કુલ 828 વિદ્યાર્થીઓ પૈકી 828 હાજર અને 176 ગેરહાજર રહ્યા હતાં. જ્યારે સાયન્સ પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનમાં નોંધાયેલા 1713 વિદ્યાર્થીઓ પૈકી 1377 હાજર અને 336 ગેરહાજર રહ્યા હતાં. એજ રીતે ધો.10માં કુલ 4422 વિદ્યાર્થી પૈકી 3131 હાજર અને 1320 વિદ્યાર્થી ગેરહાજર નોંધાયા હતાં. આમ ધો.12 સામાન્ય પ્રવાહ, સાયન્સ પ્રવાહમાં 512 અને ધો.10માં 1320 વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતાં.

## ડુંગરીમાં 9 લાખની ચોરીમાં વધુ 5 ઝડપાયા

**મહિના** પહેલાં જ ગેંગે જેલમાંથી છૂટી ચોરીને અંજામ આપ્યો




પારડીઃ પારડી તાલુકાના ડુંગરી ગામના બેરવાડ ફળિયામાં રહેતા પન્નાબેન પટેલના ઘરમાંથી થયેલી રૂ.9.02 લાખની ચોરીમાં પોલીસે કુલ સાત આરોપીને ઝડપી પાડ્યા છે.

આ કેસમાં પારડી પોલીસ અને વલસાડ એલસીબીની ટીમે ગુનામાં વપરાયેલી બાઈક શોધી કાઢી હતી. બાતમીના આધારે, મુખ્ય બે આરોપીઓને વાપીથી અને અન્ય પાંચ સાગરીતને ભાવનગરથી દબોચી લેવાયા હતા. જેમાં સમીર સલીમ યાકુબ ડેરૈયા, આદિલ ઉર્ફે તપેલી મહેબુબ સલેમાન મલેક (બંને રહે., ભાવનગર), અસ્લમ ઉર્ફે ભંગારી ફિરોજ હુસેન સૈયદ (રહે., પાલીતાણા સિહોર), દીપક ઉર્ફે કાળુ નારણ શિવા ગોહીલ, હરેશ સોમા શામજી મકવાણા, શ્રી બોમ્બે સ્પોટ દુકાનના સોની વેપારી સયાજીરાવ દિલીપરાવ આકારામ ગાયકવાડ અને મહુવા રિફાયનરી દુકાનના સોની વેપારી ધર્મેન્દ્રભાઈ કિશનભાઈ ક્ષીરસાગર (તમામ રહે., ભાવનગર)ની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે આરોપીઓ પાસેથી સોનાની રણી નંગ-2 કિં. રૂ.14,37,500 અને રોકડા રૂપિયા 4,300 સાથે આરોપીઓ પાસેથી 5 મોબાઈલ, ચોરીની બાઈક સહીત કુલ રૂ.16,41,800નો મુદ્દામાલ કબજે કર્યો છે. મુખ્ય આરોપી સમીર ડેરેયાએ પોલીસને જણાવ્યું કે, દિપક ઉર્ફે કાળુ મારફતે દાગીના વેચી 12.50 લાખ મેળવીને તે પૈસામાંથી 1.62 લાખનો આઈફોન 17 પ્રો ખરીદ્યો હતો.

આરોપી સમીર ડેરૈયા વિરુદ્ધ ઘરફોડ ચોરી, બાઈક ચોરી, દારૂ અને જુગાર સહિત આશરે 24 જેટલા ગંભીર ગુના ગુજરાત અને સંઘપ્રદેશ દમણ-સેલવાસમાં નોંધાઈ ચૂક્યા છે. જ્યારે આદિલ ઉર્ફે તપેલી સામે 10 અને અરસ્લમ સામે 6 ગુના નોંધાયેલા છે. આ ગેંગ અગાઉ દમણ અને સેલવાસ પોલીસના હાથે પકડાતા સબ જેલ ભેગી થઈ હતી, પરંતુ માત્ર એક મહિના પહેલાં જેલમાંથી છૂટતા જ સુધરવાને બદલે ફરી સક્રિય થઈ આ મોટી ચોરીને અંજામ આપ્યો હતો. ચોરી બાદ આ ગેંગ જે તે જે તે જિલ્લાથી ફરાર થઈ અન્ય સ્થળે મોજશોખ કરી થોડા સમય બાદ ફરીથી સક્રિય થઈ જતી હતી.

## પારડીના ડુમલાવ ગામે નવા રસ્તાને ભારે વાહનોને કારણે નુકસાન

**વાહનો** ગામમાંથી પસાર ન થાય તે માટે કલેક્ટરને રજૂઆત




પારડીઃમ પારડી તાલુકાના ડુમલાવ ગામમાં ગ્રામ પંચાયત દ્વારા બનાવવામાં આવેલા નવા રસ્તા પર મોટા વાહનો પસાર થતાં નુકસાન અંગે ક્લેકટરને રાવ કરી હતી.

ડુમલાવ પંચાયતે કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, હાલમાં ડુમલાવ ગામે વમળ ફળિયામાં માટી નાખવાનું કામ ચાલું છે અને ગામનો રસ્તો નવો બન્યો છે.

આ રસ્તો બન્યાંને માંડ દસ દિવસ થયા છે. અહીં આ માટીના વાહનો હેવી ઓવરલોડ હાઈવા જે 70થી 80 ટન ભરીને ચાલે છે. જેના કારણે આ ગ્રામ્યકક્ષા રસ્તાને ભારી નુકસાન પહોંચે છે અને આ રસ્તો સાંકડો છે. માટીના મોટા વાહનો ઓવેરલોડ સ્પીડમાં પસાર થાય જેથી અકસ્માતનો ભય રહે છે. જેથી આ રસ્તા પરથી માટી ભરેલા મોટા ઓવેરલોડ વાહનો ગામમાંથી પસાર ન થાય તે માટે યોગ્ય પ્રયાસ કરી નવા બનેલા રસ્તાને બચાવવા માંગ કરી હતી.

આ અરજી ગ્રામસભામાં લઈ જરૂરી કાર્યવાહી માંગ કરી છે. અગાઉ 5 જૂને પણ ડુમલાવ ગ્રામ પંચાયત દ્વારા કલેક્ટરને રજૂઆત કરાઈ હતી, પરંતુ હજુ સુધી કોઈ ખાસ કાર્યવાહી કરવામાં આવી નથી હોવાનું જાણવા મળ્યું હતું.

## આવધા પ્રા. શાળાના આચાર્યની બદલીની માંગ

ધરમપુરઃ ધરમપુર તાલુકાના આવધા ગામના ગ્રામજનો અને શાળા વ્યવસ્થાપન સમિતિ (એસએમસી)ના સભ્યોએ આવધા પ્રાથમિક શાળાના શૈક્ષણિક અને વહીવટી મુદ્દાઓને લઈને મામલતદારને આવેદનપત્ર આપી આચાર્યની બદલી કરવાની માંગ ઉઠાવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, અગાઉ પણ આ મુદ્દે લેખિત અરજી કરવામાં આવી હતી, છતાં સંતોષકારક કાર્યવાહી થઈ નથી. વિદ્યાર્થીઓના શિક્ષણ હિત, શાળાના સુચારું સંચાલન અને શાંતિપૂર્ણ શૈક્ષણિક વાતાવરણ જળવાઈ રહે તે માટે સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. ગ્રામજનોનું કહેવું છે કે, તપાસમાં જો જરૂરી જણાય તો વહીવટી હિતમાં આચાર્યની બદલી સહિતના યોગ્ય નિર્ણયો લેવામાં આવે. રજૂઆતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના ભવિષ્ય અને શિક્ષણની ગુણવત્તાને પ્રાથમિકતા આપવાનો હોવાનું પણ જણાવાયું છે. ગ્રામજનોએ સમયસર યોગ્ય નિર્ણય નહીં લેવાય તો ગામના આગેવાનો અને ગ્રામજનો એકજૂથ થઈ શાળાને તાળાબંધી કરવા મજબૂર બનશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

## 94% ભેજથી નવસારી શહેર બન્યું ‘સ્ટીમ ચેમ્બર’

નવસારીઃ નવસારીમાં ગુરુવારે ગરમી કરતાં વધુ ભેજ અને ઉકળાટે લોકોની હાલત કફોડી બનાવી દીધી હતી. NAUના હવામાન વિભાગના આંકડા મુજબ મહત્તમ તાપમાન 34.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, પરંતુ હવામાં ભેજનું પ્રમાણ અત્યંત ઊંચું રહેતા લોકો અસહ્ય ગરમીનો અનુભવ કરી રહ્યા હતા. તડકો અને ભેજના સંયુક્ત પ્રભાવથી લોકો પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા. સાંજ સુધીમાં ભેજનું પ્રમાણ 72 ટકા પર પહોંચ્યું હોવા છતાં ઉકળાટમાં ખાસ ઘટાડો જોવા મળ્યો ન હતો.


**ધી ગણદેવી પીપલ્સ કો-ઓપરેટીવ બેન્ક લિ., ગણદેવી**

પારસીવાડ, પો. બો. નં. ૧૦ ગણદેવી - ૩૯૬ ૩૬૦ જી. નવસારી
S.T.D. ૦૨૬૩૪ ૨૬૨૩૩૮ / ૨૬૩૪૩૬
E-mail: info@gpcb.bank.in website: www.gpcb.bank.in

**વાર્ષિક સાધારણ સભાની નોટિસ**

આથી બેંકના સર્વે સભાસદોને જણાવવામાં આવે છે કે બેંકની ૭૫ મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૮.૦૬.૨૦૨૬ ને રવિવારનાં રોજ સવારે ૯.૩૦ કલાકે કોળી સમાજની વાડી, ગાયત્રી મંદિરની બાજુમાં, ગણદેવી તા. ગણદેવી જી. નવસારી મુકામે રાખવામાં આવેલ છે. તો સમયસર પધારવા વિનંતી છે. વાર્ષિક અહેવાલ બેંકની મુખ્ય શાખા, પારસીવાડ, ગણદેવી તથા બેંકની બીલીમોરા શાખા, ચીખલી શાખા, વિજલપોર શાખા, કબીલપોર શાખા તથા સચીન શાખામાંથી મેળવી લેવો અને બેંકની વેબસાઈટ www.gpcb.bank.in પર ઉપલબ્ધ છે.બેન્કના દરેક સભાસદોએ આઈ કાર્ડ લાવવો ફરજિયાત છે.

તા.૧૨/૦૬/૨૦૨૬
ગણદેવી

બોર્ડ ઓફ ડિરેક્ટર્સનાં આદેશથી
હેમાંશુ બી. વૈદ્ય
જનરલ મેનેજર


## નામધામાં જમીન નામે કરવાના પ્રકરણમાં માતા-પુત્ર સામે ગુનો નોંધાયો

વાપીઃ વાપીના નામધામાં હસ્તલિખિત ખોટા 7/12ના આધારે જમીન રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરીને જમીનનો દસ્તાવેજ કરતા વાપીના મામલતદારે જાતે ફરિયાદી બનીને માતા-પુત્ર સામે છેતરપિંડીની ફરિયાદ વાપી જીઆઈડીસી પોલીસમાં નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પારડી તાલુકાના સરોંધી ગામમાં રહેતા શાંતાબેન છીબુભાઈ પટેલ અને વિજય છીબુભાઈ પટેલ ભેગા મળી વાપી નજીકના નામધા ગામમાં આવેલી જમીન પચાવી પાડવાના ઈરાદે મામલતદાર કચેરીમાં રેવન્યુ રેકર્ડમાં 7/12 પાનીયુ ઉપલબ્ધ ન હોય તેમ છતાં ખોટા હસ્તલિખિત 7/12 ઉપસ્થિત કરીને પાનીયુ ખોટા બનાવટી કરી શાંતાબેને વર્ષ 2018માં પોતાનું નામ રેવન્યુ રેકર્ડ ઉપર દાખલ કરાવી આ જમીન વિજય પટેલને 2019માં વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હતો. જમીન અન્ય માલિકના નામે છે. શાંતાબેન છીબુભાઈ પટેલ દ્વારા તે જમીનનું કમ્પ્યુટરાઈઝ 7/12 પાનીયુ ઉપસ્થિત કરવા મામલતદાર કચેરી વાપીમાં અરજી આપી હતી. જે બાદ જરૂરી પ્રક્રિયા બાદ શાંતાબેનનું નામ રેવન્યુ રેકર્ડ પર કમ્પ્યુટરાઈઝ દાખલ થયું હતું. ત્યારબાદ શાંતાબેને સબ રજિસ્ટ્રાર વાપીમાં આ જમીન વેચાણ દસ્તાવેજ તેના પુત્ર વિજય પટેલને કરી હતી. વર્ષ 2024માં નામધાની જમીન અંગે વલસાડ કલેકટરમાં અરજી કરવામાં આવી હતી અને તે તપાસ બાદ ખોટા હસ્તલિખિત 7/12 ઉપસ્થિત કરી ખોટા આધારા-પુરાવા રજૂ કરી ખોટું પાનીયુ ઉપસ્થિત કરાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું.


